પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઈ, ૨૦૧૭, શનિવાર ; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### અંબિકા સોનીનું કોંગ્રેસમાંથી રાજીનામુ



કોંગ્રેસના સીનીયર લીડર અંબિકા સોનીએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે. જોકે કોંગ્રેસના પ્રવક્તા સુરજેવાલાએ કહ્યું છે કે તેમણે રાજીનામુ આપ્યુ નથી પરંતુ ઉંમરના કારણે જવાબદારી હળવી કરવાની માંગણી કરી છે.

### ગોવામાં ભાજપના ઉમેદવાર રાજ્યસભામાં જીત્યા

ગોવામાંથી રાજ્યસભા માટે ભાજપના ઉમેદવાર વિનય તેંડુલકર જીતી ગયા હતા.

### ભાજપ ભારત છોડો કાર્યક્રમ આરંભાશે

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેર કર્યું છે કે નવમી ઓગષ્ટથી ભાજપ ભારત છોડો કાર્યક્રમ આરંભશે

### ૧૯ હજાર કરોડનું કાળુ નાણું પકડાયું

આવકવેરા વિભાગ દ્વારા પનામા પેપર્સ મામલે ૧૯ હજાર કરોડનું કાળુ નાણું પકડાયાની જાહેરાત નાણાંમંત્રી અરૂણ જેટલીએ કરી હતી.

# બાપુના કોંગ્રેસને રામરામ

## ગુજરાતના રાજકારણમાં ભૂકંપ : પક્ષીય રાજનીતિથી છેડો ફાડી રહ્યો છે : ભાજપ-કોંગ્રેસ બન્નેમાં ષડયંત્રો મારા વિરૂદ્ધ રચાયા : પ્રજા મારી હાઈકમાન્ડ છે અને તેથી જ પ્રજાના શરણમાં હું મારૂ મસ્તક ઝુકાવુ છુ : બાપુ



ગાંધીનગર, તા. ૨૧

હવે લોકકારણ એ જ મારા શેષ જીવનનું જાહેર જીવન રહેશે તેવી સિંહગર્જના સાથે આજે રાજ્યના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાએ પક્ષીય રાજકારણની કંઠી પોતે નહિ પહેરે તેમ જાહેર કર્યું હતું.

પરથી હું રાજીનામાના પત્રો મોકલી રહ્યો છુ. મેં કોંગ્રેસને મારામાંથી મુક્ત કરી છે.

બાપુએ જણાવ્યુ કે લોકકલ્યાણ અને તેમાં પણ સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખી જે રાજકારણ હોય તોજ કલ્યાણ રાજ્ય કહેવાય.

રાજપાના ટુંકા શાસનમાં મેં આ પ્રયાસ કર્યો હતો પરંતુ વિરોધ થયો અને પછી સત્તા છોડી હતી. દિલીપભાઈ મારા પછી સત્તા પર આવ્યા હતા.

તેમણે કોંગ્રેસને આડે હાથ લેતાં કહ્યું કે રાજપા અને કોંગ્રેસ સાથે મળી કોંગીના નેતાઓને કહ્યુ હતુ. પરંતુ ભાજપની સોપારી લઈ ફરતા નેતાઓએ અમારી વાત માની નહિ અને ભાજપનું પ્રારબ્ધ જોર કરતુ હતુ તેથી તેઓ સત્તા પર આવ્યા.

વાઘેલાએ જણાવ્યુ કે મેં જે કંઈ કર્યું છે તે લોકોના હિતમાં અને લોકો

## લોકકારણ એ જ મારા શેષ જીવનનું રાજકારણ : વાઘેલા

સમસંવેદના સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ કે ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોમાં હું ષડયંત્રનો ભોગ બન્યો છુ. તેમણે કહ્યું કે તેઓ આજે કોંગ્રેસમાંથી મુક્ત થઈ રહ્યા છે અને તમામ હોદ્દાઓ

આ સ્થિતિ હજુ ગુજરાતમાં નથી આવી.

ચૂંટણી લડે તો વિજય નિશ્ચિત છે એવુ તે વખતે મેં અને દિલીપભાઈએ

માટે કર્યું છે. આગામી દિવસોમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

## કપડવંજથી કપડવંજની મારી યાત્રા અને ગાંધી પ્રતિમાની પ્રેરણા : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૨૧

સૌ પ્રથમવાર કપડવંજની લોકસભાની બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટાઈને દિલ્હી ગયેલ ત્યારે સૌથી પહેલા પૂજ્ય બાપુની રાજઘાટ ખાતે આવેલી સમાધીના દર્શન કરવા ગયો હતો. ફોટા પડાવવા કે મિડિયામાં ચમકવાના હેતુથી નહી પણ અંતરત્માનો અવાજ સાંભળીને ગયો હતો. રાષ્ટ્રપિતા પાસે બે હાથ જોડીને આટલું જ માંગ્યુ હતુ : હે બાપ, તમે ક્યાં અને હું ક્યાં ? પણ પ્રારબ્ધવશ આજે ગુજરાતનો પ્રતિનિધિ બનીને દેશને રાજધાનીમાં આવ્યો છું. ત્યારે તમારામાં પ્રજાના પ્રશ્નો ઉઠાવવાની અને અન્યાય સામે લડવાની જે અપાર શક્તિ હતી, તમારામાં દુનિયાના શહેનશાહ સમા અંગ્રેજ રાજ સામે લડવાનું જે અખૂટ આત્મબળ હતું એનો એક નાનકડો અંશ મારામાં પ્રગટે એવા આશીર્વાદ માગું છું. છેલ્લે હમણાં દિલ્હી કપડવંજના ધારાસભ્ય તરીકે ગયો ત્યારે પણ રાજઘાટ ગયો હતો. બાપુની સમાધિ પાસે બેઠા બેઠા અંતરનો અવાજ આવ્યો : આખરે આ બધુ શા માટે ? જે પક્ષ સાથે બે દાયકાઓથી નિષ્ઠાપૂર્વક કામ કરતો રહ્યો છું, જેના યોગક્ષેમની અહર્નિશ ચિંતા કરતો ફરૂ છુ એના જ એકાધિકાર જમાવી બેઠેલા નેતાઓ

● અનુસંધાન પાન-૭ પર

## શિક્ષકો માટે આદરાંજલિ આપી અને સહપાઠી વિનોદ ભટ્ટના સંભારણા પણ યાદ કર્યા

ગાંધીનગર, તા. ૨૧

બાપુએ આજે તેમના સંબોધનમાં વાસનની પ્રા. શાળાનું શિક્ષણ, રાંધેજા હાઈસ્કૂલ, પાટણ કોલેજનો અભ્યાસકાળ યાદ કર્યા અને તેમના શિક્ષકોને પણ યાદ કર્યા જેમને તેમના જીવનઘડતરમાં મહત્વનું પ્રદાન કર્યુ હોવાનું સ્વીકાર્યું હતું. બાપુએ તેમના પ્રવચનમાં તેમના કોલેજકાળના સહપાઠી અને જાણીતા હાસ્યકાર વિનોદ ભટ્ટને પણ યાદ કર્યા તો વિશ્વકોશ માટે ધીરૂભાઈ ઠાકરની રજુઆતને પણ યાદ કરી સાહિત્યપ્રેમ વ્યક્ત કર્યો હતો.

## આ હતી મારી ટનાટન સરકારની પારદર્શિતા

એકવાર વીજળી ખરીદવા અંગેના ટેન્ડર અંગે પૂર્વ મુખ્યમંત્રી માન. સુરેશભાઈ મહેતાએ આક્ષેપ કરેલો. મેં તત્કાલ સુરેશભાઈ મહેતા સહિત તમામને બોલાવી બધી જ ફાઈલ ટેબલ પર મુકી કહ્યુ આમાં શોધી કાઢો ક્યાં ખોટુ થયુ છે. વિપક્ષી સભ્યોએ એમની ભૂલ સ્વીકારી, વહીવટમાં પારદર્શિતાનું ન ભૂતો ન ભવિષ્યતિ જેવુ ઉદાહરણ પુરૂ પાડી શકાયુ એનોય આજે સંતોષ છે. આનું નામ પારદર્શિતા.

# ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ કપ ફાઈનલમાં

## ભારતીય મહિલા ટીમ ઇંગ્લેન્ડ સામે ટકરાવવા માટે સંપૂર્ણ સુસજ્જ : ઓસ્ટ્રેલિયા સામે જીત મેળવી ઇતિહાસ સર્જયો : ભારત તરફથી વિશ્વ કપની સેમીફાઇનલમાં હરમનપ્રીતે તોફાની ૧૭૧ રન કર્યા : સાત છગ્ગા - ૨૦ ચોગ્ગા લગાવ્યા

ડર્બી,તા. ૨૧

ભારતીય મહિલા ટીમે વિશ્વ કપની સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયા પર ૩૬ રને જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી લીધી છે. ભારતીય ટીમ હવે ફાઈનલમાં ઈંગ્લેન્ડની સામે ટકરાશે. જે દક્ષિણ આફ્રિકાને હાર આપીને ફાઈનલમાં પહોંચી ચુકી છે. ભારતીય મહિલા ટીમ તરફથી હરમનપ્રીત કૌરે ભવ્ય અણનમ ૧૭૧ રન બનાવ્યા હતા.જેના કારણે ભારતે ભારતીય ટીમે ૨૮૧ રન કર્યા હતા. જીતવા માટે ૨૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૪૫ રન બનાવી શકી હતી. ભારતીય ખેલાડી હરમનપ્રીતે પોતાની વનડે કેરિયરની શ્રેષ્ઠ ઈનિગ્સ રમતા ૧૭૧ રન કર્યા હતા. જેમાં સાત છગ્ગા અને ૨૦ ચોગ્ગાનો સમાવેશ થાય છે. તે છેલ્લે સુધી નોટઆઉટ રહી હતી. હરમન બાદ કેપ્ટન મિતાલી રાજે ૩૬ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી સ્કટ, ગાર્ડનર અને બીમ્સ કતેમજ વિલાનીએ બે બે વિકેટ

● અનુસંધાન પાન-૭ પર

# ટેલીકોમ ક્ષેત્રે જીયોનો તહેલકો

## જીયો ફોન લોન્ચ : કિંમત શૂન્ય રહેશે, યુઝરોમાં ભારે ઉત્સુકતા : ટેલિકોમ સેક્ટરમાં રિલાયન્સે ફરી એકવાર જોરદાર ધડાકો કર્યો : ફ્રીની કોઇ ચીજનો દુરુપયોગ ન થાય તે હેતુસર સિક્યુરિટી મની તરીકે ૧૫૦૦ ચુકવવા પડશે : ૩ વર્ષ બાદ ગ્રાહકોને પૈસા પરત : ૨૦મી ઓગસ્ટથી બુકિંગ

મુંબઈ,તા. ૨૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ ગ્રુપની ૪૦મી વાર્ષિક સામાન્ય મહાસભામાં આજે ફરી એકવાર ટેલિકોમ સેક્ટરમાં તહેલકો મચાવીને જીયો ફોન લોંચ કર્યો હતો. મુકેશ અંબાણીએ તમામને ચોંકાવીને જાહેરાત કરી હતી કે, આ જીયો ફોનની કિંમત શૂન્ય રહેશે. એટલે કે ફ્રીમાં ઉપલબ્ધ બનશે. જીયો ફોન લેનાર વ્યક્તિને સિક્યુરિટી મની તરીકે ૧૫૦૦ રૂપિયા ચુકવવા પડશે. જેને કંપની ત્રણ વર્ષ બાદ રિફંડ કરશે. અંબાણીએ કહ્યું હતું કે, ફ્રીની કોઈપણ ચીજનો દુરુપયોગનો ખતરો વધી જાય છે જેથી સિક્યુરિટી ડિપોઝિટ લેવાનો નિર્ણય કરાયો છે. ૧૫મી ઓગસ્ટથી ટેસ્ટિંગ માટે જીયો ફોન ઉપલબ્ધ રહેશે. આના બુકિંગની શરૂઆત ૨૦મી ઓગસ્ટથી થશે. વહેલા તે પહેલાના ધોરણે સપ્ટેમ્બરથી ફોનની ડિલિવરી શરૂ થશે. દરેક સપ્તાહમાં ૫૦ લાખ લોકો સુધી ફોન પહોંચાડવાની યોજના બનાવી રહ્યા છે. દેશના મોટાભાગના ફીચર ફોન યુઝર સુધી જીયો ફોન પહોંચે તેવી અમારી યોજના છે. અનલિમિટેડ ડેટા મામલામાં જીયો ફોન યુઝર્સને અનલિમિટેડ ડેટાની સુવિધા મળશે. રિલાયન્સના વડા અને ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ આજે જાહેરાત કરી હતી

કે ૧૫મી ઓગષ્ટથી જિયો ફોન




સમગ્ર દેશમાં મળતા થઈ જશે. તેમણે કહ્યુ હતુ કે જિયો કસ્ટમર્સને ૧૫૦૦ રૂપિયાની રિફંડેબલ સિક્યુરિટીની સાથે ફ્રીમાં મળશે જિયો ફોન. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ૩૬ મહિના સુધી જિયો ફોનનો ઉપયોગ કરવામાં આવ્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર













